# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

ગ્રામવિદ્યા શાખા

એફ.વાય.બી.આર.એસ.

વિષય : સામાજિક વિજ્ઞાન અને સામાજિક વિસ્તરણ શિક્ષણ

ખાસ વિષય સામાજિક વિજ્ઞાન અને સામાજિક વિસ્તરણ શિક્ષણ પેપર–૧

**(SOCIAL SCIENCE & SOCIAL EXTENSION EDUCATION)**

---

૧. <u>પ્રસ્તાવના</u> :

ગ્રામવિદ્યાશાખાના અભ્યાસક્રમમાં સમગ્ર અભ્યાસક્રમના હેતુને અનુરૂપ સામાજિક વિજ્ઞાન તરીકે સામાજિક વિસ્તરણ શિક્ષણ મહત્વનું સ્થાન ધરાવે છે. આ વિષય દ્વારા ગ્રામવિકાસમાં સૈદ્ધાંતિક જ્ઞાનનું વ્યવહારૂ અમલીકરણ કઈ રીતે કરી શકાય ? તેનું સૈદ્ધાંતિક જ્ઞાન અને કુશળતાઓ શીખવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ માટે સમગ્ર અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાનનો સમન્વય કરી સમગ્ર અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. તેમ છતાં સમગ્ર અભ્યાસક્રમમાં અધ્યાપક અને વિદ્યાર્થીઓના અનુભવોને મૌલિકતા મહત્વની ભૂમિકા ભજવી શકે તે માટે પ્રત્યક્ષ કાર્યને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

૨. <u>હેતુઓ :</u>

(૧) ગ્રામીણ સમાજમાં વિસ્તરણ કાર્યની જરૂરિયાતની જાણકારી મેળવે અને વિસ્તરણની પાયાની બાબતોની સમજ કેળવે.
(૨) ગ્રામીણ સમાજની પરિસ્થિતી અને પ્રશ્નોથી વાકેફ થાય.
(૩) વિસ્તરણ કાર્ય કરવા માટેની કુશળતાઓનો વિકાસ થાય.
(૪) ગ્રામીણ સમાજની જરૂરિયાતોને ઓળખતા શીખે.
(૫) વિસ્તરણ કાર્યના વહીવટી માળખાની જાણકારી મેળવે.

૩. <u>માળખું :</u>

| અઠવાડિક વર્ગો | આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગણ | વર્ષાન્ત પરીક્ષાનો સમય |
|---|---|---|---|---|
| ૩ (સૈ) | ૧૫ | ૩૫ | ૫૦ | ૨ કલાક |
| ૨ (પ્રા) | ૧૫ | ૩૫ | ૫૦ | –– |

૪. <u>અભ્યાસક્રમ :</u>

એકમ – ૧

❖ વિસ્તરણની ફિલસૂફી :

– વિસ્તરણ એટલે શું ? વિસ્તરણ શિક્ષણ એટલે શું ?
– સામાન્ય શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણ વચ્ચેનો તફાવત.
– વિસ્તરણ શિક્ષણના સિદ્ધાંતો.
– વિસ્તરણ શિક્ષણનું મહત્વ.

એકમ –૨

❖ ગ્રામીણ સમાજ – લક્ષણો – પ્રશ્નો :

– સામાજિક વિજ્ઞાન એટલે શું ? તેનો અર્થ અને કાર્યક્ષેત્ર.
– ગ્રામ વિદ્યાના અભ્યાસમાં સામાજિક વિજ્ઞાનના અભ્યાસની અગત્યતા.
– સમાજ, સમુદાય, સંસ્થા અને મંડળ –નો અર્થ, લક્ષણો અને તફાવત.
– ગ્રામીણ સમાજ (વ્યાખ્યા) અને વિસ્તરણ વચ્ચેનો સંબંધ.
– ભારતીય ગ્રામીણ સમાજના લક્ષણો.
– ગ્રામીણ સમાજ અને શહેરી સમાજ વચ્ચેનો તફાવત.
– ગ્રામીણ સમાજના પ્રશ્નો– ઉકેલો.

- સર્વાંગી ગ્રામ વિકાસ માટેના વિસ્તરણ કાર્યક્રમો.

એકમ – ૩

❖ વિસ્તરણ શિક્ષણની પદ્ધતિઓ

- વિસ્તરણ શિક્ષણ પ્રક્રિયાના સોપાનો – હાલની સ્થિતી, હેતુઓ અથવા ધ્યેયો, શિક્ષણ વસ્તુ પદ્ધતિ, અનુસરણ કાર્ય, મૂલ્યાંકન , પુનઃ વિચારણા.
- વિસ્તરણ શિક્ષણ પદ્ધતિ એટલે શું ? વિસ્તરણ શિક્ષણ પદ્ધતિ પસંદ કરતાં ધ્યાનમાં રાખવાની બાબતો.
- વિસ્તરણ શિક્ષણ પદ્ધતિઓનું વર્ગીકરણ.

(અ) ઉપયોગ પ્રમાણે

૧. વ્યકિતગત સંપર્ક પદ્ધતિઓ.

| | | | |
|---|---|---|---|
| ૧. | ખેતર અને ઘરની મુલાકાત | ૪. | અંગત પત્રો. |
| ૨. | ટેલિફોન મુલાકાત | ૫. | ઈન્ટરનેટ |
| ૩. | કચેરી મુલાકાત | ૬. | ફેકસ |

૨. જૂથ સંપર્ક પદ્ધતિઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સેમિનાર | ૫. | નિદર્શન સભાઓ |
| ૨. | વાકપીઠ | ૬. | સ્લાઈડ પ્રોજેકટર શો. |
| ૩. | પરિસંવાદ | ૭. | સન્મુખ ચિત્ર દર્શક |
| ૪. | જૂથ સભાઓ | | |

૩. સમૂહ સંપર્ક પદ્ધતિઓ.

| | | | |
|---|---|---|---|
| ૧. | ઝુંબેશ | ૨. | રેડિયો |
| ૩. | ટી.વી. | ૪. | પોસ્ટર |
| ૫. | સમાચાર પત્ર | ૬. | ચલચિત્રો |

(બ) સ્વરૂપ પ્રમાણે

૧. લેખિત ૨. મૌખિક

૩. દૃષ્યશ્રાવ્ય

દરેકની વ્યાખ્યાઓ અને ઉદાહરણો.

એકમ – ૪

❖ જરૂરિયાત અને અપનાવવાની પ્રક્રિયા :

- જરૂરિયાત એટલે શું ? તેની ખાસિયતો.
- જરૂરિયાતોનું વર્ગીકરણ, માનસશાસ્ત્રની રીતે, સ્વરૂપની રીતે
- જરૂરિયાત અંગે મેઝલોની કોટિક્રમતા.
- ખેડૂતોની જરૂરિયાતો કેવી રીતે નકકી કરવી.
- પ્રસારણ પ્રક્રિયા અને સંદેશાવહનની પ્રક્રિયા એટલે શું ?
- અપનાવવાની પ્રક્રિયા એટલે શું ? અને તેના તબકકાઓ.
- અપનાવનાર ખેડૂતોની કક્ષા અને તેની વ્યકિતગત ખાસિયાતો.

એકમ – ૫

❖ વિસ્તરણમાં વહિવટ અને જવાબદારી :

- વહીવટનો અર્થ અને પ્રાથમિક પરિચય.
- વહીવટના સિદ્ધાંતો અને પ્રકાર
- જિલ્લા, તાલુકા અને સ્થાનિક કક્ષાએ સરકારની યોજનાઓનું અમલીકરણ કરતા તંત્રનો વહીવટી અભ્યાસ ( જુદા જુદા વિસ્તરણ અધિકારીઓ / કાર્યકરોની ફરજોના સંદર્ભમાં)
- સ્થાનિક સંસ્થાઓ / સ્વૈચ્છિક સંસ્થાઓના વહીવટની લાક્ષણિકતાઓનો અભ્યાસ.
- નેતા : વિસ્તરણ કામોમાં મહત્વ, ઉપયોગિતા, નેતાની પસંદગી, તાલીમ
- ગ્રામ સંગઠનો : રચના,મહત્વ, ઉપયોગ, કાર્યો, યુવક મંડળ, ખેડૂત મંડળ, મહિલા મંડળ, બચત મંડળ,સ્વસહાય જૂથો.

પ્રત્યક્ષ કાર્ય :

૧. કોઈ એક ગામની પ્રાથમિક માહિતી એકત્ર કરવી.
૨. પોસ્ટર પદ્ધતિનો અભ્યાસ કરવો.
૩. સ્લાઈડ પ્રોજેકટરનો પ્રત્યક્ષ અભ્યાસ અને ઉપયોગ.
૪. ઓવરહેડ પ્રોજેકટરનો પ્રત્યક્ષ અભ્યાસ અને ઉપયોગ.
૫. દૂધ મંડળીની મુલાકાત
૬. ખેડૂતની આર્થિક, સામાજિક અને ખેતી અંગેની માહિતી એકત્ર કરવી.
૭. જાહેર પ્રવચનનો પ્રત્યક્ષ અનુભવ કેળવવો.
૮. જાહેર સંબોધનના સાધનોનો પ્રત્યક્ષ અભ્યાસ કેળવવો.
૯. લીફલેટ, પેમ્ફલેટ અને ફોલ્ડરનો અભ્યાસ.
૧૦. તાલુકા પંચાયતની પ્રત્યક્ષ મુલાકાત લેવી.

૫. <u>શિક્ષણની પદ્ધતિઓ</u> :

૧. વ્યાખ્યાન
૨. પ્રવાસ
૩. પર્યટન
૪. નિદર્શન
૫. ચાર્ટસ
૬. નમુનાઓ

૬. <u>મુલ્યાંકનની પદ્ધતિઓ :</u>

૧. પ્રત્યક્ષ કાર્ય નિદર્શન – પ્રદર્શન
૨. સ્વાધ્યાય
૩. પ્રશ્નાવલી
૪. પરીક્ષા પ્રવિધિ

૭. <u>સહ અભ્યાસ પ્રવૃત્તિ</u> :

વર્ષ દરમ્યાન વિદ્યાર્થી એક ખેડૂતને દત્તક લેશે તેની ખેતી, પશુપાલન, બાગાયતનો અભ્યાસ કરશે. ખેડુતની ખેતી જીવનના પ્રશ્નોનો અભ્યાસ કરી તેના પ્રશ્નોના ઉકેલ માટે માર્ગદર્શન આપશે. વર્ષાન્તે લેખિત રીપોર્ટ આપશે.

– ગ્રામસેવક, વિસ્તરણ અધિકારીના વ્યાખ્યાન , પ્રશ્નોત્તરી.
– ગ્રામવિકાસનું કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાની મુલાકાત.
– નજીકના ગામડામાં ખેતી, પશુપાલન,બાગાયત, આરોગ્ય, નશાબંધી જેવા મુદ્દા અંગે એક દિવસનો કાર્યક્રમ રાખવો.( ફિલ્મ શો, પ્રદર્શન, ચર્ચાસભા, રાત્રી સભા, નિષ્ણાતોના વ્યાખ્યાન, મેળા, પ્રસંગ ઉજવણી.)

૮. સંદર્ભ ગ્રંથો :

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક | પ્રકાશન |
|---|---|---|---|
| ૧ | વિસ્તરણ શિક્ષણ | લે. બાબુભાઈ અવરાણી | અનડા બુક ડેપો,ગાંધીમાર્ગ,અમદાવાદ. |
| ૨ | ભારતમાં ગ્રામવિકાસ | બાબુભાઈ અવરાણી અને બકુલ અવરાણી | અનડા બુક ડેપો,ગાંધીમાર્ગ, અમદાવાદ. |
| ૩ | સામુદાયિક વિકાસ અને કૃષિ વિસ્તરણ | બાબુભાઈ અવરાણી | અનડા બુક ડેપો,અ'વાદ |
| ૪ | વિસ્તરણ શિક્ષણ ભાગ–૧ અને ૨ | ઈશ્વરભાઈ પટેલ | યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અ'વાદ. |
| ૫ | EXTENSION EDUCATION | By A.A.REDDY | Pub.by Shree Laxmi press, GUNTUR(A.P.) |
| ૬ | COMMUNITY DEVELOPMENT & SOCIAL WELFARE | | By Ram Prasad & Sons. AGRA |